હાઇકોર્ટ ઓફ ગુજરાત

આઇટી સેલ

**<u>અખબારી યાદી</u>**

તારીખ: ૦૭. જાન્યુઆરી, 2023

## ગુજરાતના તમામ પોલીસ સ્ટેશનો માટે ગુજરાત હાઇકોર્ટના ફોજદારી કેસોની ઇમેઇલ માય કેસ સ્ટેટસ (EMCS) સેવાનો પ્રારંભ

1. ગુજરાત હાઇકોર્ટની ઇમેઇલ માય કેસ સ્ટેટસ (EMCS) સેવા દેશમાં ઇ-સેવા ક્ષેત્રમાં એક અભુતપુર્વ અને અનન્ય નાગરિક તેમજ પક્ષકાર લક્ષી પહેલ છે; જેના દ્વારા કોઈપણ વ્યક્તિ હાઈકોર્ટ તેમજ ગુજરાતના જિલ્લા ન્યાયતંત્રના કોઈપણ કેસની વર્તમાન સ્થિતિ અને ભાવિ પ્રગતિ સ્વચાલિત ઈમેઈલથી મેળવી શકે છે. આ સેવાનો લાભ લેવા વિશેની જાણકારી અંગ્રેજી તેમજ ગુજરાતીમાં <u>https://gujarathighcourt.nic.in/emcs</u> ઉપલબ્ધ છે.
2. માનનીય શ્રી ન્યાયાધીશ અરવિંદ કુમાર, મુખ્ય ન્યાયાધીશ, ગુજરાત હાઇકોર્ટ - આઇટી કમિટીના અધ્યક્ષશ્રી ના નેતૃત્વમાં ગુજરાત હાઇકોર્ટની આઇટી કમિટીના માર્ગદર્શન અને અનુમતિથી EMCS સેવાનો વ્યાપ વધુ વિસ્તૃત કરી; સમગ્ર ગુજરાત રાજ્યના પોલીસ સ્ટેશનોની એફઆઈઆરને લગતા હાઈકોર્ટના ફોજદારી કેસોને આ સેવામાં સ્વચાલિત રીતે ઉમેરવાની નવી સુવિધા ગુજરાત રાજ્યના તમામ પોલીસ સ્ટેશન માટે શરૂ કરવામાં આવેલ છે.
3. EMCS સેવાનો આ લાભ પોલીસ સ્ટેશનો સુધી પહોંચતાની સાથે, ગુજરાતના તમામ 763 પોલીસ સ્ટેશનોને સ્વચાલિત ઈમેલ્સ પ્રાપ્ત થવાની શરૂ થશે, જેમાં જે તે પોલીસ સ્ટેશનોની FIR સંબંધિત ફોજદારી કેસોની કોઝલિસ્ટ (કેસ-સૂચિ), આવતી તારીખ અને જો કેસ નિકાલ થયેલ હોય તો તેની પણ માહિતી આપવામાં આવશે. આ પોલીસ સ્ટેશનોને EMCS ઇમેઇલ અપડેટ્સમાં કેસોના હુકમ/ચુકાદો પણ PDF સ્વરૂપે મળશે.
4. ગુજરાત હાઈકોર્ટની આ નવી પહેલથી હાઈકોર્ટમાં જે તે પોલીસ સ્ટેશનની એફઆઈઆરને લગતા પેન્ડિંગ કેસોની સ્થિતિ અને ભાવિ પ્રગતિની માહિતી પોલીસ સ્ટેશનોને સરળ અને ઝડપી રીતે મળી શકશે અને તેથી સંબંધિત પોલીસ સ્ટેશનોને હાઇકોર્ટ ના હુકમો નું અમલીકરણ માં થતાં વિલંબને રોકવામાં પણ મદદ મળશે.
5. ગુજરાત હાઈકોર્ટના EMCS ઈમેલ સર્વર પરથી આજથી મોકલવામાં આવનાર ઈમેલ પોલીસ સ્ટેશનના અધિકારીઓ નિયમિત જોતા રહે તેમજ તે મુજબની આવશ્યક કાર્યવાહી કરે તે માટે ગુજરાત સરકારના ગૃહ વિભાગ તેમજ સ્ટેટ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (SCRB)ને તમામ પોલીસ સ્ટેશનોને સૂચના કરવા વિનંતી કરવામાં આવેલ છે.

રજિસ્ટ્રાર જનરલ